# વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો વિચિત્ર મિજાજ

**નગરજનો સુસ્તીનો શિકાર : લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડીગ્રી : સવારે વાદળિયા વાતાવરણના લીધે ઠંડીનો ચમકારો : લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી વધ્યુ : વિચિત્ર મોસમની અસરથી જન આરોગ્ય પ્રભાવિત**

ગાંધીનગર તા ૮

શિયાળાની મોસમમાં એકબાજુ ઠંડીના પારાની ચઢઉતર જોવા મળી રહી છે. ત્યારે વારંવાર લઘુત્તમ તાપમાન આજે ૧૫.૫ ડીગ્રી નોંધાયુ છે. જેના લીધે એક રીતે ઠંડી ઘટી છે. પરંતુ આજે સવારથી જ વાતાવરણમાં અહેસાસ કરતા નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ



વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો પણ જોવા મળી રહ્યો છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૩ ડીગ્રી ઉપર ચઢયો છે. અલબત્ત ધુમ્મસની સાથે વાદળિયો માહોલ સર્જાતા નગરજનોએ ઠાર અનુભવ્યો હતો. સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે અસહ્ય ઠંડીનો હતુ. દિવસે આકરા તાપના બદલે આકાશમાં વાદળો ઘેરાયેલા રહેતા નગરજનો ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો શિયાળાની ઠંડીના દિવસોમાં વાદળિયુ વાતાવરણ રહેતા નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર થવા પામી છે. વાદળિયા વાતાવરણના લીધે નગરજનો સુસ્તી અનુભવી રહ્યા છે. ઠંડીની સાથે મોસમમાં સતત બદલાવ રહેતા નાગરિકો બેચેનીનો ભોગ બની રહ્યા છે. સ્ફુર્તીદાયક ઠંડીની મોસમમાં વાતાવરણ પલ્ટાના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## ૧૩મી સુધી ઠંડીનું જોર યથાવત રહેશે

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૩મી જાન્યુઆરી સુધી હવામાં ભેજનું પ્રમાણ વધવાની સંભાવનાઓ સાથે પવનનું જોર પણ વધતાં ઠંડીનું જોર વધશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આજે તેના કૃષિ સલાહ બુલેટીન અને હવામાન-પૂર્વાનુમાનના અંક નં. ૮૦ માં આગામી પાંચ દિવસની સંભાવનાઓ વ્યક્ત કરતા જણાવવામાં આવ્યુ છે કે આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી.

મહત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪-૧૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૦ થી ૭૭ ટકા રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આમ જિલ્લામાં પવનની ગતિ અને ભેજનું પ્રમાણ વધતાં ઠંડીનું જોર યથાવત રહેશે તેમ મનાઈ રહ્યુ છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે હવામાં ભેજનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ વધવાની પુરેપુરી સંભાવના રહેલી છે. તો પાક નીરીક્ષણ કરી પાક સરંક્ષણના પગલાં ગ્રામસેવક સાથે સંપર્કમાં રહીને લેવાની સલાહ આપવામાં આવી છે.

## બીજીવારના ડ્રાય રન ટેસ્ટમાં પણ લાભાર્થીના સમયમાં હજુ ઘટાડો કરવાની કવાયત






ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે યોજાયેલા ડ્રાય રન ટેસ્ટમાં ૨૦૦ જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં આજે ૧૫ જેટલા કેન્દ્રો ખાતે ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવ્યો હતો. આજના ડ્રાય રન ટેસ્ટમાં ગ્રામીણ વિસ્તારમાં વેકસીન સ્ટોરથી વેકસીનેશન સેન્ટર પર પહોંચવામાં લાગતો સમય, ગ્રામીણ વિસ્તારમાં દર્દીને જો કોઈ રિએકશન આવે તો તેને હોસ્પિટલાઈઝેશન કરવામાં લાગતા સમયનો અંદાજ મેળવવામાં આવ્યો હતો.

વેકસીનેશનમાં લાભાર્થીનો ઓછામાં ઓછો સમય લાગે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. જો કે એક લાભાર્થીને ૪૫ મિનિટ જેટલો સમય લાગતો હોવાનું આજે બીજા ડ્રાય રન ટેસ્ટમાં પણ જણાઈ આવ્યું છે. આજે શહેરમાં યોજાયેલા ડ્રાય રન ટેસ્ટનું નિરીક્ષણ કરવા માટે મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ સે-૨૯ના હેલ્થ સેન્ટર પર ગયા હતા. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી અને ડૉ. હરેશ નાયક એપોલો હોસ્પિટલ ગયા હતા અને કામગરીનું નિરીક્ષણ કર્યું હતું. રાજયમાં કોરોના વેકસીનેશનને તંત્ર અતિ ગંભીરતાથી લઈ અને આગળ વધી રહેલ છે. આ માટેની તૈયારીઓને આજે જિલ્લામાં બીજીવાર ચકાસવામાં આવી હતી. ૧૭મીના પલ્સ પોલિયો અભિયાન પછી તબક્કાવાર કોવિડ વેકસીનેશનની કામગીરી હાથ ધરાશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## અર્બન કો.ઓ. બેંકમાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી







ગાંધીનગર, તા.૮

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેન્ક લી. ગાંધીનગરની બોર્ડ ઓફ ડિરેકટર્સની આજે મળેલ બેઠકમાં વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

બેન્કના ચેરેમન તરીકે અગ્રણી વેપારી કાળીદાસભાઈ પટેલ, વાઈસ ચેરમેન તરીકે બિલ્ડર પ્રાશભાઈ પટેલ અને મેને. ડિરેકટર તરીકે વેપારી પ્રહલાદભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

બેન્કના ચેરમેન તરીકે શ્રી કાળીદાસ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે શ્રી પ્રકાશભાઈ પટેલની સતત ચોથીવાર બિનહિરફ વરણી કરાઈ છે જયારે બેંકના મેને. ડિરેકટર તરીકે પ્રહલાદભાઈ પટેલ પાંચમી વાર બિનહરીફ વરાયા છે.

આજની બોર્ડ બેઠકમાં બેન્કની વધુ પ્રગતિ માટેનો સંકલ્પ તમામ બોર્ડ મેમ્બર્સ એ લીધો હતો તેમજ બેંક સૌની ઘરેલું બેન્ક બની ઉભરે તેમજ ગ્રાહકલક્ષી સેવાઓ વધે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. બેંકની ડિપોઝીટ વધે તેમજ ધિરાણ વધે સાથે સાથે એન.પી.એ.માં પણ ઘટાડો થાય તે વિશે વિસ્તૃત વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગર જિલ્લામાં ૧ કિલો દોરી જમા કરાવશે તો ૩૦ રૂપિયાનો પુરસ્કાર

**મકરસંક્રાંતિ પર્વે ગાંધીનગરમાં કરૂણા અભિયાન**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે ઉતરાયણ પર્વ દરમ્યાન પતંગના દોરાથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા કરુણા અભિયાન ઉજવવામાં આવે છે. કરુણા અભિયાનમાં પક્ષીઓને બચાવવા અંગે યોજાયેલ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ દરેક નાગરીકને કરુણા અભિયાનમાં જોડાઈને પક્ષીઓને બચાવવા અનુરોધ કર્યો છે.

આ બેઠકમાં કરુણા અભિયાન દરમ્યાન જિલ્લા વન વિભાગ અને જિલ્લા પશુપાલન વિભાગ તેમજ પક્ષીપ્રેમી અને જીવ દયાપ્રેમી સ્વચ્છીક સંસ્થાઓ દ્વારા પક્ષીઓને બચાવવા કરવામાં આવનાર કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જો કોઈ વ્યક્તિ તા. ૧૪ થી ૩૦મી જાન્યુઆરી દરમ્યાન એક કિલો દોરી નિયત થયેલ પશુ દવાખાને જમા કરાવશે તો તેમને રૂપિયા ૩૦નો પુરસ્કાર આપવામાં આવશે.

તા.૧૩/૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર કરુણા અભિયાનમાં પક્ષીઓને બચાવવા જિલ્લા વન વિભાગ દ્વારા કન્ટોલ રૂમ શરુ કરવામાં આવશે. જેમાં ગાંધીનગર ખાતેના કંન્દ્રોલ રૂમનો

● અનુસંધાન પાન-૭ પર

## કુડાસણમાં સ્વચ્છતાની કામગીરી અંગે એજન્સી અને કર્મયોગીને નોટીસ

ગાંધીનગર, તા. ૮

કુડાસણ ગામમાં સ્વચ્છતાની કામગીરી યોગ્ય રીતે નહિ થતી હોવાને પગલે આ કામગીરી કરતી એજન્સી અને સંબંધિત કર્મયોગીને મનપાના તંત્રએ નોટીસ ફટકારી છે.

આજે કુડાસણમાં વધતી જતી ગંદકીની મળેલ ફરિયાદોને પગલે નાયબ મ્યુનિ. કમિશનર પ્રીતેશ દવેએ ખાસ રાઉન્ડ લીધો હતો. તેમના આ રાઉન્ડ દરમ્યાન સ્વચ્છતાની કામગીરીમાં છીંડા રહેલા સ્પષ્ટ જણાઈ આવતાં તેમણે તાબડતોબ સફાઈની કામગીરી હાથ ધરવા માટેની કડક તાકીદ કરી હતી.

તેમણે આ પછી કચેરી આવી કામગીરી કરતી એજન્સી અને સંબંધિત કર્મયોગીને નોટીસ ફટકારી છે. મનપાએ સ્વચ્છતા સર્વેક્ષણને લઈ સ્વચ્છતા માસ ઉજવવાનો નિર્ણય કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતાની કામગીરી નહિ થતી હોવાની તેમજ મનપાના કર્મયોગીઓ હાજર નહિ રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. આજે નાયબ મ્યુનિ. કમિશનરના રાઉન્ડને પગલે જ તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ આગામી દિવસોમાં ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા તેમજ કર્મયોગીઓની હાજરીને લઈ કમિશનર પણ રાઉન્ડ લે તેવી શક્યતાઓ છે.

## જાણીતા સહકારી અગ્રણી નવનીતભાઈ ભટ્ટનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના કર્મચારી અગ્રણી તેમજ સહકારી આગેવાન નવનીતભાઈ ભટ્ટનું આજે બપોરે દુઃખદ અવસાન થયું છે. તેમના અવસાનના સમાચાર શહેરમાં પ્રસરતાં જ સહકારી ક્ષેત્રની સંસ્થાઓમાં તેમજ સહકારી આગેવાનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં તેઓ સૌથી સક્રિય સહકારી કાર્યકર તરીકેની ઓળખ ઉભી કરી સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવ્યું હતું. તેઓ હિસાબ અને તિજોરી વિભાગમાંથી સેવા નિવૃત્ત થયા હતા.

કોલવડા સ્થિત આયુર્વેદ કોલેજમાં તેમના દિકરા વૈદ્ય રાકેશભાઈ ભટ્ટ હાલ સેવાઓ આપી રહ્યા છે.

સ્વ. નવનીતભાઈ ભટ્ટ છેલ્લા થોડાક સમયથી બિમાર હતા. આજે બપોરે તેમણે તેમના અંતિમ શ્વાસ પરિવારજનોની ઉપસ્થિતિમાં લીધા હતા.



ઘ-૪ના અંડરબ્રીજનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના સેન્ટ્રલ વિસ્ટાના બગીચાને સળંગ બનાવવા માટે ઘ-૪નું સર્કલ તોડી તેના સ્થાને અંડરપાસ બનાવવામાં આવી રહ્યો છે. આ વિશાળ અંડરપાસ બનતા ગાંધીનગરને એક નવું નજરાણું મળશે.

## સોલા સિવિલમાં કોરોના વેક્સીનનાં ડ્રાય રનમાં મહિલા કર્મીની તબિયત લથડતા દોડધામ

અમદાવાદ,તા.૮

દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ શુક્રવારે વેક્સીનેશન માટે ડ્રાય રન યોજાયું હતું. વીડિયો કોન્ફરન્સથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.હર્ષવર્ધન સાથે કોવિડ-૧૯ સામેની વેક્સીન માટે પૂર્વાભ્યાસ સંદર્ભે સમિક્ષા કર્યા બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ગુજરાતમાં ૨૪૮ તાલુકાઓમાં તાલુકા દિઠ ત્રણ વેક્સીનેશન સાઈટ ઉપર ડ્રાયરનનું આયોજન કર્યાનું જણાવ્યુ હતુ. આજે અમદાવાદમાં સોલા સિવિલ હોસ્પિટલ તેમજ અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટયૂટમાં કોરોના રસી માટે ડ્રાય રન યોજાયો હતો.

જેમાથી ડ્રાય રનમાં એક આરોગ્યકર્મીની તબિયત લથડી હતી. અમદાવાદ સિવિલમાં ચાલુ ડ્રાય રને આ ઘટના બની હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના નવા ૧૫ કેસ

**આજે જિલ્લાના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : ગાંધીનગરમાં ૭, કલોલમાં ૧ કેસ સહિત ૮ કેસ : સે. ૩ માં ૨ કેસ સહિત ૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાકાળમાં આજે પ્રથમ દિવસ એવો છે કે શહેર-જિલ્લામાંથી એક પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ નથી અને નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોનો ઘટાડો સતત થઈ રહ્યો હોવાથી તંત્રમાં રાહતની લાગણી પ્રસરી છે. આજે જિલ્લામાં ૧૫ જ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૮ અને શહેરમાં ૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના જે રીતે બેફામ બન્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ કેસમાંથી ૭ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ, કુડાસણ અને સરગાસણ ગામેથી આજે બે-બે કેસ મળી આવવા ઉપરાંત ગિફટસીટીમાંથી એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના સાંતેજ ગામેથી આજે એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ દર્દીઓએ આજે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. નોંધાયેલા ૮ કેસમાં ચાર મહિલા દર્દી છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા તેમજ યુવા દર્દીઓની સંખ્યા જે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૮૦૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૬૦થી વધુ દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૪૦૮ લોકોનો હોમ ક્વોરોન્ટાઈમાં રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૭ કેસો મળી આવ્યા છે. આજે તમામ મળેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારમાં શિક્ષક, પ્રોફેસર, વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૬, ૧૩, ૨૪, ૭, ૨૨ માંથી કેસો મળવા ઉપરાંત સે. ૩ માંથી બે કેસ મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.



પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજંલિ

સ્વ.ગીરીશભાઇ બાબુભાઇ પરમાર
સ્વર્ગવાસ તા.-૦૯/૧૨/૨૦૨૦

તમે અમારાથી દૂર ગયા પણ તમે હંમેશા અમારા હૃદયમાં રહેશો, તમારો પ્રેમ મહાન હતો, ભગવાન તમારા આત્માને શાંતિ આપે, ઓમ શાંતિ.

| | |
|---|---|
| પરમાર બાબુભાઇ એસ. (પિતા) | પરમાર શાંતાબેન બી. (માતા) |
| પરમાર યુવરાજ ગી. (પુત્ર) | પરમાર નિધિ ગી. (પુત્રી) |
| પરમાર મોહનભાઇ આર. | પરમાર જયંતિભાઇ બી. (ભાઇ) |
| પરમાર રાકેશભાઇ આર. | પરમાર કૈલાસબેન જે. |

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com